નીતિના ઘડતર તથા નીતિના અમલ સંદર્ભે નિયત પધ્ધતિ અમલમાં છે. મહત્વની નીતિઓનું ઘડતર વિધાનસભાના સભ્યો ધ્વારા વિધાનસભામાં ચર્ચાબાદના  નિર્ણય બાદ લેવામાં આવે છે. પ્રવર્તમાન પધ્ધતિ મુજબ નીતિઓના ઘડતરના નિયમો મંત્રીમંડળ, માન.મુખ્યમંત્રીશ્રી કક્ષાએ પણ લેવામાં આવે છે. જનતા તરફથી વખતોવખત થતી રજુઆતો નીતિના ઘડતર તથા અમલ સંદર્ભે ધ્યાને લેવામાં આવે છે.

માલધારીઓને પડતી મુશ્કેલીઓ તેમજ વનીકરણ વિસ્તારમાં અનિયંત્રિત ચરીયાણથી થતી અસરો નિવારવા અંગેની ચરીયાણ સમિતિમાં રબારી સમાજના સભ્યોને સ્થાન આપવામાં આવ્યું છે.

અમદાવાદ ની ઔધોગિક વસાહતો ના આંશીક શુધ્ધીકરણ કરેલ ગંદા પાણીના નિકાલની મેગા પાઇપલાઇન, ખારીકટ કેનાલ વગેરેના પ્રશ્નોના નિરાકરણ માટે એક હાઇપાવર કમિટિ ની રચના કરવામાં આવેલ છે જેમાં ઔધોગિક વસાહતોના પ્રતિનિધિઓ અને કલમબંધી તથા કસકપટી વિસ્તારના લોકોના પ્રતિનિધીઓને પણ સમાવવામાં આવેલ છે.